# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-03-2025** **EVENING : 7.50 to 8.00**
**Day :THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

*****************************************************

1) છત્તીસગઢમાં સુરક્ષા દળો સાથેની અથડામણની બે ઘટનાઓમાં 30 માઓવાદીઓનાં મૃત્યુ
2) સંરક્ષણ પ્રણાલિને મજબૂત કરવા 54 હજાર કરોડ રૂપિયાનાં સંરક્ષણ સાધનોની ખરીદીને મંજૂરી
3) પ્રસ્તાવિત સીમાંકન મુદ્દે વિરોધ પક્ષોનાં સાંસદોના વિરોધને પગલે સંસદના બંને ગૃહો આજ પૂરતા મોકૂફ
4) ઉત્તરાખંડમાં ચારધામ યાત્રા માટે નોંધણી પ્રક્રિયાનો પ્રારંભ ; સાંજે પાંચ વાગ્યા સુધી એક કરોડ 75 લાખ શ્રધ્ધાળુઓએ નોંધણી કરાવી
5) ભારતીય શેરબજારોમાં સતત ચોથા દિવસે તેજીઃ સેન્સેક્સ અને નિફ્ટીમાં એક ટકાનો ઉછાળો
6) કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ નવી દિલ્હીમાં 'ખેલો ઇન્ડિયા' પેરા ગેમ્સની બીજી આવૃત્તિનું ઉદ્ઘાટન કર્યું

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# CHHATTISGARH ENCOUNTER

છત્તીસગઢમાં આજે બે અલગ-અલગ ઘટનાઓમાં 30 માઓવાદીઓ માર્યા ગયા હતા. જિલ્લા અનામત રક્ષકદળના એક જવાન માઓવાદીઓ સાથેની અથડામણમાં શહીદ થયા હતા. બસ્તર ડિવિઝનના બીજાપુર જિલ્લામાં, સુરક્ષા દળોને ગુપ્ત માહિતી મળી હતી કે બીજાપુર અને દંતેવાડા જિલ્લાના સરહદી વિસ્તારમાં આવેલા જંગલોમાં માઓવાદીઓ છુપાયેલા છે. આ ગુપ્ત માહિતી પછી, સુરક્ષા દળોની એક સંયુક્ત ટીમ શોધ અભિયાન પર નીકળી હતી.

અત્યાર સુધીમાં સ્થળ પરથી 26 માઓવાદીઓના મૃતદેહો મળી આવ્યા છે. આ ઉપરાંત મોટી સંખ્યામાં સ્વચાલિત હથિયારો અને વિસ્ફોટક સામગ્રી પણ મળી આવી છે. વિસ્તારમાં હજુ પણ સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. છત્તીસગઢના કાંકેર જિલ્લામાં અન્ય એક ઓપરેશનમાં સુરક્ષા દળો અને માઓવાદીઓ વચ્ચે ગોળીબારમાં ચાર માઓવાદીઓ માર્યા ગયા હતા.

# AMIT SHAH NAXALITES

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે આજે સૈનિકોએ નક્સલમુક્ત ભારત અભિયાનની દિશામાં વધુ એક મોટી સફળતા હાંસલ કરી છે

તેમણે જણાવ્યું કે, આગામી વર્ષે 31 માર્ચ સુધીમાં દેશ નક્સલ મુક્ત થઈ જશે. નરેન્દ્ર મોદી સરકાર નક્સલવાદીઓ સામે નિર્દયી અભિગમ સાથે આગળ વધી રહી છે. શ્રી શાહે કહ્યું કે તમામ સુવિધાઓ આપવામાં આવી હોવા છતાં આત્મસમર્પણ ન કરનારા ઉગ્રવાદીઓ સામે સરકાર શૂન્ય સહિષ્ણુ નીતિ અપનાવી રહી છે.

# LS-FOOD PROCESSING SECTOR

સરકારે પાંચ લાખથી વધુ ખેડૂતોને લાભ આપવા માટે ખાદ્ય પ્રસંસ્કરણ ક્ષેત્ર સાથે સંબંધિત તેની વિવિધ યોજનાઓ હેઠળ 1100થી વધુ માળખાગત યોજનાઓને મંજૂરી આપી છે. આ યોજનાઓમાં પ્રધાનમંત્રી કિસાન સંપદા યોજના, ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ માટે ઉત્પાદન સાથે જોડાયેલી પ્રોત્સાહન યોજના અને કેન્દ્ર સરકાર દ્વારા પ્રાયોજિત પીએમ ફોર્મલાઇઝેશન ઓફ માઇક્રો ફૂડ પ્રોસેસિંગ એન્ટરપ્રાઇઝિસ યોજનાનો સમાવેશ થાય છે.

ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ રાજ્ય મંત્રી રવનીત સિંહે આજે લોકસભામાં એક લેખિત જવાબમાં આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે મંત્રાલયે 46 હજાર કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટ ખર્ચ સાથે 41 મેગા ફૂડ પાર્કને પણ મંજૂરી આપી છે.

# EPFO-MEMBERS

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) એ આ વર્ષે જાન્યુઆરીમાં 17 લાખ 89 હજાર સભ્યો ઉમેર્યા હતા, જે ડિસેમ્બર 2024ની સરખામણીમાં ચોખ્ખા સભ્યોમાં 11.48 ટકાની વૃદ્ધિ દર્શાવે છે.

જાન્યુઆરીમાં લગભગ 2 લાખ 17 હજાર નવી મહિલા સભ્યો ઉમેરવામાં આવ્યા હતી. શ્રમ અને રોજગાર મંત્રાલયે આ વધારાને રોજગારીની વધતી તકો, કર્મચારી લાભોની જાગૃતિમાં વધારો અને ઇપીએફઓની અસરકારક પહોંચ પહેલને આભારી ગણાવી છે.

# DEFENCE-PROCUREMENT

સરકારે T-90 ટેન્ક, વરુણાસ્ત્ર ટોર્પિડો અને એરબોર્ન અર્લી વોર્નિંગ અને કંટ્રોલ એરક્રાફ્ટ સિસ્ટમ માટે 1 હજાર 350 હોર્સપાવર એન્જિન ખરીદવાની મંજૂરી આપી છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં આજે મળેલી સંરક્ષણ સંપાદન પરિષદની બેઠકમાં આ મંજૂરી આપવામાં આવી હતી. આ ખરીદી પર ૫૪ હજાર કરોડ રૂપિયાથી વધુ ખર્ચ થશે.

સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ભારતીય સેના માટે T-90 ટેન્ક માટે વર્તમાન 1000 હોર્સપાવર એન્જિનને અપગ્રેડ કરવા માટે 1 હજાર 350 હોર્સપાવર એન્જિન ખરીદવામાં આવશે. આનાથી યુદ્ધના મેદાનમાં, ખાસ કરીને ઊંચાઈવાળા વિસ્તારોમાં, આ ટેન્કોની ગતિશીલતા વધશે. ભારતીય નૌકાદળ માટે, લડાયક વરુણાસ્ત્ર ટોર્પિડોની ખરીદીને મંજૂરી આપવામાં આવી હતી. વરુણાસ્ત્ર ટોર્પિડો એ સ્વદેશી રીતે રચાયેલ જહાજ-લોન્ચ કરાયેલ એન્ટિ-સબમરીન ટોર્પિડો છે જે નેવલ સાયન્સ એન્ડ ટેકનોલોજીકલ લેબોરેટરી દ્વારા વિકસાવવામાં આવ્યો છે. આ ટોર્પિડોના સમાવેશથી દુશ્મન સબમરીનના ખતરા સામે નૌકાદળની ક્ષમતામાં વધારો થશે.

ભારતીય વાયુસેના માટે, એરબોર્ન અર્લી વોર્નિંગ અને કંટ્રોલ એરક્રાફ્ટ સિસ્ટમની ખરીદીને પણ મંજૂરી આપવામાં આવી છે.

# PAR-ADJOURN

લોકસભા અને વિધાનસભા મતવિસ્તારોના પ્રસ્તાવિત સીમાંકન મુદ્દે ડીએમકે સહિતના વિરોધ પક્ષોનાં સાંસદોના વિરોધને પગલે સંસદના બંને ગૃહોને આજના દિવસ માટે સ્થગિત કરવામાં આવ્યા હતા. લોકસભામાં, બીજી વાર ગૃહ મોકૂફી બાદ જ્યારે બપોરે 2 વાગ્યે ગૃહ પુનઃ મળ્યું ત્યારે ડીએમકેના સાંસદો ફરીથી ટી-શર્ટ પહેરીને આવતા પીઠાસીન અધિકારીએ વિરોધ કરી રહેલા સભ્યોના પોશાક પર વાંધો ઉઠાવ્યો હતો.

રાજ્યસભામાં પણ આ મુદ્દે ચાર વખત ગૃહ મોકૂફ રહ્યું હતું. બપોરે 2 વાગ્યે ત્રીજી વાર મુલતવી રહ્યા પછી ગૃહ ફરીથી એકત્ર થયું, ત્યારે ઉપ સભાપતિ હરિવંશે ઉપલા ગૃહમાં ડીએમકે સાંસદોએ સૂત્રો સાથે ટી-શર્ટ પહેરવાના મુદ્દે મડાગાંઠ વચ્ચે ગૃહને દિવસ માટે સ્થગિત કરી દીધું.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# MAHA-RAM SUTAR-HONOUR

સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માતા પીઢ શિલ્પકાર રામ સુતારને મહારાષ્ટ્રનાં સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર, મહારાષ્ટ્ર ભૂષણથી સન્માનિત કરવામાં આવશે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આજે રાજ્ય વિધાનસભામાં આ જાહેરાત કરી. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આજે રાજ્ય વિધાનસભામાં આ જાહેરાત કરી.

શ્રી રામ સુતાર પદ્મ ભૂષણ પુરસ્કાર વિજેતા છે અને તેમણે કેવડિયા ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટીની ડિઝાઇન બનાવી છે, જે 182 મીટર ઉંચી વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા છે. આ પુરસ્કારમાં 25 લાખ રૂપિયા અને સ્મૃતિચિહ્નનો સમાવેશ થાય છે.

100 વર્ષની ઉંમર ધરાવતા શ્રી સુતાર હજુ પણ મુંબઇમાં ડોક્ટર બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પર કાર્ય કરી રહ્યા છે. અયોધ્યામાં ભગવાન રામની 251 મીટર ઊંચી મૂર્તિ પણ તેમણે જ બનાવી છે.

# UTTARAKHAND--CHAR-DHAM-YATRA

ઉત્તરાખંડમાં ચારધામ યાત્રા માટે નોંધણી પ્રક્રિયા આજથી શરૂ થઈ છે. આજે પ્રથમ દિવસે સાંજે પાંચ વાગ્યા સુધી એક કરોડ 75 લાખ શ્રધ્ધાળુઓએ નોંધણી કરાવી છે. આ વર્ષે નોંધણી આધાર કાર્ડ દ્વારા પ્રમાણિત કરાશે. દરમિયાન ભક્તોએ પોતાના આધાર કાર્ડની વિગત આપવાની રહેશે.

યાત્રાળુઓની સુવિધાને ધ્યાને રાખી કુલ નોંધણીઓમાંથી, 60 ટકા ઑનલાઈન અને 40 ટકા ઑફલાઈન થશે. આ પ્રક્રિયાને સરળ બનાવવા હરિદ્વાર અને ઋષિકેશ સહિતના પ્રવાસ માર્ગ પર નોંધણી કેન્દ્રની સંખ્યા વધારાશે. યાત્રાળુઓ REGISTRATIONANDTOURISTCARE.UK.GOV.IN પર ઑનલાઈન નોંધણી કરાવી શકે છે. શ્રદ્ધાળુઓની સુવિધા માટે, પ્રવાસન વિભાગે આ વર્ષે યાત્રાના 40 દિવસ પહેલા ઓનલાઈન નોંધણી પ્રક્રિયા શરૂ કરી દીધી છે.

# SENSEX, NIFTY

ભારતીય શેરબજારોમાં આજે ચોથા દિવસે પણ ઉછાળો જોવા મળ્યો હતો. મહત્વના સૂચકાંક સેન્સેક્સ અને નિફ્ટી એક ટકાથી વધુ તેજી સાથે બંધ રહ્યા હતા. અમેરિકન ફેડ રિઝર્વે વ્યાજદર યથાવત રાખતા ભારતીય બજારે સકારાત્મક પ્રતિક્રિયા આપી હતી.

સેન્સેક્સ 899 પોઇન્ટ વધીને 76 હજાર 348 અને નિફ્ટી-50 283 પોઇન્ટ વધીને 23 હજાર 190 પોઇન્ટ પર બંધ રહ્યો હતો. રૂપિયો ડોલર સામે આઠ પૈસા વધીને 86.36 પર બંધ રહ્યો હતો.

# KHELO INDIA PARA GAMES

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ આજે બપોરે નવી દિલ્હીના ઇન્દિરા ગાંધી સ્ટેડિયમમાં ખેલો ઇન્ડિયા પેરા ગેમ્સની બીજી આવૃત્તિનું ઉદ્ઘાટન કર્યું હતું.

આ પ્રસંગે બોલતા ડૉ. માંડવિયાએ દેશભરમાં રમતગમતના વિકાસ અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે ખેલો ઇન્ડિયા પહેલના મહત્વ પર ભાર મૂક્યો હતો.

રમતગમત મંત્રીએ જણાવ્યું હતું કે, ખેલો ઇન્ડિયા કાર્યક્રમ હેઠળ ભારતમાં રમતગમતની વ્યવસ્થા ઝડપથી વિકસી રહી છે અને તેનાથી રમતવીરોના પ્રદર્શનમાં નોંધપાત્ર સુધારો થઈ રહ્યો છે. તેમણે પ્રકાશ પાડ્યો હતો કે, પેરિસમાં યોજાયેલી છેલ્લી પેરાલિમ્પિક્સમાં ભારતીય રમતવીરોએ 29 મેડલ મેળવીને અસાધારણ પ્રદર્શન કર્યું હતું. તેમણે ખેલો ઇન્ડિયા પેરા ગેમ્સ 2025માં ભાગ લેનારા પેરા-એથ્લેટ્સને શુભેચ્છાઓ આપી હતી.

**(BYTE: MANSUKH MANDAVIA PARA GAME )**

આ સ્પર્ધા આ મહિનાની 27મી તારીખ સુધી દિલ્હીમાં યોજાશે. પેરા તીરંદાજી, પેરા એથ્લેટિક્સ, પેરા બેડમિન્ટન, પેરા પાવરલિફ્ટિંગ, પેરા શૂટિંગ અને પેરા ટેબલ ટેનિસ સહિત છ શાખાઓમાં 1,300 થી વધુ પેરા-એથ્લેટ્સ સ્પર્ધા કરશે.

# BCCI CASH REWARD

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ-BCCIએ આજે ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2025 જીતનાર ભારતીય ટીમ 58 કરોડ રૂપિયાનું રોકડ ઇનામ આપવાની જાહેરાત કરી છે. બીસીસીઆઈએ કહ્યું કે આ નાણાકીય સહાય ખેલાડીઓ, કોચિંગ અને સહાયક સ્ટાફ અને પસંદગી સમિતિના સભ્યોનું સન્માન કરે છે. ટીમનાં 15 ખેલાડીઓ અને મુખ્ય કોચ ગૌતમ ગંભીરને 3-3 કરોડ રૂપિયા આપવામાં આવશે, એમ બીસીસીઆઈના સચિવ દેવજીત સાઇકિયાએ જણાવ્યું હતું. ચેમ્પિયન્સ ટ્રોફીમાં એક પણ મેચ રમવાની તક ન મેળવનાર અર્શદીપ સિંહ, ઋષભ પંત અને વોશિંગ્ટન સુંદરને પણ ત્રણ ત્રણ કરોડ રૂપિયા મળશે.

સાઇકિયાએ જણાવ્યું કે, બેટિંગ કોચ, આસિસ્ટન્ટ કોચ, ફિલ્ડીંગ કોચ ઉપરાંત સહાયક કર્મચારીગણને 50-50 લાખ રૂપિયા તથા મુખ્ય પસંદગીકાર અજીત અગરકરને 30 લાખ રૂપિયા આપવામાં આવશે.

આઇસીસીએ ભારતીય ટીમને આપેલી 19 કરોડ 45 લાખ રૂપિયાની ઇનામી રકમ માત્ર ખેલાડીઓમાં જ વહેંચાશે. દરેક ખેલાડીને એક કરોડ 43 લાખ 58 હજાર રૂપિયા મળશે.

# IPL

ઇન્ડિયન પ્રીમિયર લીગ- I.P.L. ટી-20 ક્રિકેટની 18મી આવૃત્તિનો આ શનિવારથી પ્રારંભ થશે. કોલકાતાના ઈડન ગાર્ડન્સ મેદાનમાં આ શનિવારે કોલકાતા નાઈટ રાઈડર્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ વચ્ચે પહેલી મેચ રમાશે.

જ્યારે આ રવિવારે ચેન્નઈ ખાતે મુંબઈ ઇન્ડિયન્સ અને ચેન્નઈ સુપર કિંગ્સ વચ્ચે મેચ રમાશે. મુંબઈના સુકાની હાર્દિક પંડ્યા પર લગાવાયેલા એક મેચના પ્રતિબંધના કારણે આ મેચમાં સૂર્યકુમાર યાદવ સુકાની રહેશે. જ્યારે જસપ્રીત બુમરાહ ઈજાગ્રસ્ત હોવાના કારણે તેઓ નહીં રમી શકે.